**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૨ એપ્રિલ ૨૦૦૯**

## રામ નાઈક ની પ્રચાર યાત્રામાં અપંગો સામેલ

**મુંબઈ,રવિવાર :** ભાજપ નેતા અને ભાજપ - શિવસેના યુતીનાં ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘના ઉમેદવાર શ્રી રામ નાઈકની દહિસરમાંની યાત્રા માં તેમનાં અપંગ ચાહકો આજે પોતાની ત્રણ પૈડાંની સાઈકલો લઈ સામેલ થયાં હતાં અને મતદારોની નવાઈ નો વિષય બન્યાં હતાં.આગળ ત્રણ પૈડાંની સાઈકલ પર અપંગો અને તેમની પાછળ પદયાત્રામાં કાર્યકર્તાઓ એવી આ પ્રચારયાત્રા નું જોદાર સર્વત્ર સ્વાગત થયું હતું.

વિરારમાંનું વિકલાંગ પુનર્વસન કેંદ્ર હોય કે મલાડમાંની મતિમંદોની સંસ્થા હોય શ્રી રામ નાઈક કાયમ અમારી મદદ કરવા લાંબો કરતાં હોય છે. અમારાં નિમંત્રણો ને માન આપી કાર્યક્રમોમાં આવતાં હોય છે.માટે અમારાં હિતોનું રક્ષણ કરવા માટે તેમને ફરી લોકસભા માં પાઠવવાનો અમારો નિર્ધાર છે,તેવી ભાવના પ્રચાર યાત્રા માં સામેલ થયેલાં અપંગોએ બોલીને વ્યકત કરી હતી. આ પ્રસંગે ભાવવિભોર થઈ ગયેલાં રામ નાઈકે કહ્યું કે, "આજે આપણાં દેશનાં પાંચ ટકા નાગરિકો અપંગ છે.તેમનાં વિકાસ અને સગવડો માટે ભાજપ સરકાર વિશેષ કાર્યક્રમો ધપાવશે.અપંગ બાળકોને દત્તક લેનારને પણ અમારી સરકાર પ્રોત્સાહન આપશે."

દહિસર વિધાનસભા ક્ષેત્રની આ પ્રચાર યાત્રામાં શ્રી રામ નાઈકની સાથે ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી,શિવસેના વિભાગ પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર ,શિવસેના મહિલા વિભાગ પ્રમુખ શ્રીમ.હંસાબેન દેસાઈ,નગરસેવકદ્વય શ્રી ભાલચંદ્ર મ્હાત્રે અને શ્રી પ્રકાશ કારકર તેમજ સર્વશ્રી વિલાસ પોતનીસ, રામબ્રીજ યાદવ, શ્રીકાંત પાંડે, બળકૃષ્ણ બ્રીદ, શ્રીમ. નીલાબેન સોની, શ્રી કમલેશ યાદવ વગેરે ભાજપ - શિવસેનાના સ્થાનિક નેતાઓ પણ સામેલ થયાં હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો.૯૮૬૭૮૯૫૪૦**